@ગાંધીનગર

● ધી ગુજરાત સ્ટેટ પેન્શનર્સ વેલ્ફેર કો. ક્રેડિટ સોસાયટી દ્વારા સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજવાડી, સે-૭-સી ખાતે સ્નેહમિલન સમારોહ યોજાશે.

● ભારત વિકાસ પરિષદ દ્વારા સાંજે ૬ કલાકે, હોટલ ઘુંઘટ ખાતે પરિષદનો સ્નેહમિલન સમારોહ યોજાશે.

● હોમગાર્ડઝ સ્થાપના દિન અંતર્ગત સવારે ૮.૩૦ કલાકે અંધશાળા, તેમજ એચઆઈવી પીડીત બાળકોને બિસ્કીટનું વિતરણ કરવામાં આવશે.

- નજાહખાનમ સૈયદ

ગાંધીનગર પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર પ્રજાપતિ સમાજનો વાર્ષિક સ્નેહમિલન સમારંભ અને ઈનામ વિતરણ કાર્યક્રમ ઉજી જાન્યુઆરી ૨૦૧૬ને સેકટર-૧૭ ટાઉનહોલ ખાતે બપોરે દોઢ વાગે યોજાશે. તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને પોતાની માર્કશીટો તા. ૨૦મી ડીસેમ્બર સુધીમાં કાર્યાલય અથવા પ્રમુખ/મંત્રીને પહોંચાડવા જણાવેલ છે. સ્નેહમિલન સમારંભમાં સપરિવાર ઉપસ્થિત રહેવા પ્રમુખશ્રી અલ્પેશભાઈ પ્રજાપતિએ જ્ઞાતિબંધુઓને અપીલ કરી છે.

આજે નારાયણી હાઈટસ ખાતે વિશાળ કદની કેક બનાવાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર પાસેના ભાટ ગામે આવેલ નારાયણી હાઈટસ ખાતે આગામી નાતાલના તહેવારને અનુલક્ષીને પરંપરાગત કેક મિકસીંગ સેરેમનીનું આયોજન કરવામાં આવ્યું છે. આ ફેસ્ટિવલ તા. ૫મી ડિસેમ્બરે બપોરે ૧.૩૦ કલાકે નારાયણી હાઈટસ ખાતે યોજાશે. જેમાં ખાસ રીતે સચવાયેલા ડ્રાયફ્રુટસને વિવિધ જયુસ સાથે ભેળવીને કેક બનાવવામાં આવશે. આ સેરેમનીમાં નારાયણી હાઈટસ દ્વારા એક વિશાળ કદની કેક તૈયાર કરવાનો પ્રયત્ન હાથ ધરાશે. જેમાં અનેક પ્રકારના સ્વાદિષ્ટ તત્ત્વોનો સમાવેશ કરાયો હશે. નારાયણી હાઈટસ દ્વારા દરેક ઋતુ પ્રમાણે વિવિધ ઉત્સવોનું આયોજન કરવામાં આવતું હોય છે. જેમાં શિયાળાની ઋતુના પ્રારંભે નાતાલના તહેવારને અનુલક્ષીને આ કેક મિકસીંગ સેરેમની યોજવામાં આવ્યો છે.

સે-૨/ડીના બગીચા પાસે ગંદકીનું સામ્રાજ્ય

સતત વધી રહેલી ઝુંપડપટ્ટીને ગેરકાયદેસર દબાણો સામે તંત્રની ઘોર ઉપેક્ષા : બગીચા નજીકની ઝાડી જાહેર શૌચાલય બની જતા અસહ્ય દુર્ગંધથી રોગચાળો ફેલાવવાનો ભય : સેકટરવાસીઓની ત્રણ-ત્રણ વર્ષથી રજૂઆતો છતાં કોઈ કાર્યવાહી ન કરાતા રોષ

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના મોટા ભાગના સેકટરોમાં ઝુંપડપટ્ટીમાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. અને આ ઝુંપડપટ્ટીમાં રહેતા પરિવારો દ્વારા જાહેર જગ્યામાં ન્હાવા-ધોવા તથા મળ-મૂત્ર ત્યાગ વગેરે જેવા કાર્યો કરાતા હોઈ સેકટરોમાં ગંદકીનું પ્રમાણ પણ સતત વધી રહ્યું છે. સે-૨-ડીના બગીચા નજીકની ઝાડીનો પણ ઝુંપડાવાસીઓ દ્વારા જાહેર શૌચાલય તરીકે ઉપયોગ કરાતો હોવાથી સમગ્ર વિસ્તાર અસહ્ય દુર્ગંધથી ખદબદી રહ્યો છે. બગીચામાં વહેલી સવારે અને સાંજના સમયે વ્યાયામ, યોગ કરવા અથવા ટહેલવા થવા આવતા સિનિયર સીટીઝન્સ ઉપરાંત મહિલાઓ-બાળકો અને તમામ રહીશોને ભારે પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે.

સે-૨-ડીના બગીચા નજીકનો સમગ્ર વિસ્તાર જાણે ગંદકીનું ઘર બની જવા પામ્યો છે. ઘણા સમયથી આ વિસ્તારના નગરજનો જેમાં ખાસ કરીને ૩૦-૩૫ વર્ષ સરકારી નોકરી કરીને નિવૃત્ત થયેલા પેન્શનરો દ્વારા વારંવાર ફરિયાદો કરવા છતાં તંત્ર દ્વારા અગમ્ય કારણોસર આ સમસ્યાનો ઉકેલ લાવવામાં બેદરકારી ભરી ઉપેક્ષા સેવાઈ રહી છે. સે-૨ સહિતના નવા સેકટરોમાં સતત ફેલાઈ રહેલી ઝુંપડાની બદી સાથેના ગેરકાયદેસર દબાણોના રાફડા ફાટી રહ્યાં છે. આ ઝુંપડપટ્ટી તથા દબાણો સેકટરોમાં સફાઈ તંત્ર માટે મોટા પડકારરૂપ બની રહ્યાં છે. સે-૨-ડીમાં તો ઝુંપડપટ્ટીના રહેવાસીઓ સેકટરવાસીઓ માટે માથાનો દુઃખાવો બની જવા પામ્યા છે કારણકે તેમના દ્વારા ખુલ્લામાં આચરાતી નહાવા-ધોવા-શૌચ ક્રિયા વગેરે પ્રવૃત્તિ સામે કોઈ સેકટરવાસી અવાજ ઉઠાવે તો તેની સાથે અસભ્ય ભાષામાં ગેરવર્તન કરવામાં આવે છે. જાહેર સ્થળે કુદરતી હાજતે જતા આ તત્વોના કારણે સેકટરવાસીઓ માટે શરમજનક પરિસ્થિતિ ઉભી થઈ રહી છે તથા માથું ફાડી નાંખે તેવી બદબૂના કારણે રોગચાળો ફેલાવાનો પણ ભય ઉભો થવા પામ્યો છે.

સ્વચ્છતા અભિયાનનું સૂરસૂરિયું

આ વિસ્તારના રહીશો તથા સે-૨-ડીના બગીચામાં નિયમિત બેસવા આવતા પેન્શનરો દ્વારા જાગૃત નાગરિકો તરીક સતત વર્ષ ૨૦૧૩થી વારંવાર લેખિત રજૂઆતો કરવામાં આવી છે. આ રજૂઆતો તેમણે તત્કાલીન મેયર, કમિશનર, કોર્પોરેટર્સ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન, વન વિભાગ સહિત સુવિધા કાર્યાલય વગેરેથી માંડીને મુખ્યમંત્રી સુધ્ધાંને લેખિત ફરિયાદોનો સમાવેશ થાય છે. આમ છતાં તંત્રના પેટનું પાણી હાલતું નથી તે વિચારવા જેવી બાબત છે. આ વિસ્તાર એ દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પ્રેરિત સ્વચ્છતા અભિયાનની બેધડક હાંસી ઉડાવી રહ્યો છે. છતાં અહીં સફાઈ કાર્ય હાથ ધરવાની તથા ગેરકાયદેસર દબાણો હટાવવાનું કોઈ અધિકારી કે સત્તાધીશને યોગ્ય લાગતું નથી તે આશ્ચર્યજનક બાબત છે.

સે-૨-ડીના રહીશોની માંગણી માત્ર એટલી જ છે કે બગીચાની આસપાસ વધી ગયેલા બિનજરૂરી ઝાડી ઝાંખરા હટાવી સમગ્ર વિસ્તારનું સઘન સફાઈ કાર્ય કરાવાય, આ વિસ્તારમાં ઉભા થયલા ગેરકાયદેસર ઝુંપડા હટાવી ગેરકાયદેસર દબાણો સામે કડક હાથે કામ લેવાય, નજીકમાં આવેલ શોપીંગ વિસ્તારમાં જાહેર શૌચાલયનું નિર્માણ કરાય જેથી તેના મુલાકાતીઓ-વેપારીઓ જાહેરમાં મળ મૂત્ર ત્યાગ કરવા પ્રેરાય નહી થતા બગીચામાં કચરાપેટીઓ મુકી તેનું નિયમિત વ્યવસ્થાપન હાથ ધરાય. છેલ્લા ત્રણ ત્રણ વર્ષથી સતત સે-૨-ડીના રહીશો દ્વારા કરાઈ રહેલી આ રજૂઆતોને સત્વરે ધ્યાને લઈ તંત્ર દ્વારા યોગ્ય પગલાં ભરાય તેવી સેકટરવાસીઓ અપેક્ષા રાખી રહ્યાં છે.

સેકટર-૭ પોલીસ મથકમાં એક જ દિવસે જુદી જુદી ત્રણ ચોરીની ફરિયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરમાં એક માસ અગાઉ બે મોબાઈલ ચોરી અને એક એકટીવા ચોરી થતા આ ચોરી અંગે સેકટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર શહેરના સેકટર-૭ પ્લોટ નં. ૫૬૭/૨ ખાતે રહેતા સ્મીત જીતેન્દ્ર પટેલનો ગત ૨૦મી નવેમ્બરના રોજ મોબાઈલ ચોરાઈ ગયો હતો. જયારે સેકટર-૬ શાકમાર્કેટ ખાતે મોબાઈલની દુકાનના તાળા તોડી રૂ. ૧૯,૪૦૦ની રોકડ અને ૮ જુના મોબાઈલ મળી કુલ રૂ. ૨૨૬૦૦ના મુદ્દામાલની ચોરી થવા પામી હતી જયારે સે-૧ તળાવ પાસે એકટીવાની ચોરી બાબતેની અલગ અલગ ફરિયાદ સે-૭ પોલીસ મથકમાં નોંધાઈ હતી. આ મામલે સે-૭ પોલીસે તપાસ શરુ કરી છે.

ગાંધીનગર સિવિલનું શબઘર અંધારામાં ગરકાવ

ગાંધીનગર તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ અત્યારે હાલ અત્યંત આધુનિક બની છે. સિવિલમાં સારવાર માટે આવતા દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સેવામાં વધારો થવા પામ્યો છે. સિવિલની ઈમેજ મુલાકાતીઓમાં બદલાતી જાય છે. ત્યારે સિવિલમાં આવેલા ડેડબોડીને રાખવાનો રુમ અંધકારમાં ગરકાવ થઈ ગયો છે. શબઘરમાં ઈલેકટ્રીકની સામાન્ય ખરાબીના કારણે દસ દિવસથી શબ રાખવામાં આવતા નથી.

સિવિલમાં મહિનામાં એકવાર કોઈ ડેડબોડી મુકવા આવ્યું હોય તેમાય મૃતકના સ્વજનોને ના સાંભળવા મળે છે. શબઘરમાં અંધકાર અંગે ઈલેકટ્રીક ટેકનીશીયનને જાણ કરવામાં આવી હોવા છતા પરિસ્થિત જેમની તેમ છે. સિવિલની જાડી ચામડીના કર્મચારીઓને કોઈ ફેર પડતો ના હોય તેવુ લાગી રહ્યું છે. ત્યારે આજે મૃતકની બોડી કોલ્ડરુમમાં મુકવા માટે સ્વજનો આવ્યા હતા. પરંતુ ઈલેકટ્રીકની સામાન્ય ખરાબીના કારણે તંત્ર દ્વારા તેઓને ના પાડવામાં આવી હતી. ત્યારે સગાઓને ના છુટકે સેકટર-૩૦ મુકિતધામ ખાતે જુનિયર સિટીજન કાઉન્સીલ સંચાલીત શબઘરનો આશરો લેવો પડયો હતો. સામાન્ય ઈલેકટ્રીક ખરાબનીના કારણે ડેડબોડી રાખવાનું અશક્ય બન્યું છે. જેથી સિવિલમાં આવેલા મૃતકના સગાઓમાં આધુનિક હોસ્પિટલ હોવા છતા શબઘરની સુવિધા ના હોવાથી અચંબામાં પડી ગયા હતા. સિવિલમાં અત્યારે હાલ એક ડેડબોડી રાખવામાં આવે તેવી સુવિધા વર્ષોથી છે. નવિન બિલ્ડીંગની સાથે સાથે કોલ્ડરુમની વ્યવસ્થા કરવામાં આવી છે. અધ્યતન કોલ્ડરુમમાં વધુ ડેડબોડી રાખી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. પરંતુ આ નવો કોલ્ડરુમ કયારે કાર્યરત થશે. તે અંગે કોઈ મગનું નામ મરી પાડતું નથી. ગાંધીનગર સિવિલમાં કોલ્ડરુમ બંધ હોવાથી મૃતકના સગાઓને સેકટર-૩૦ મુકિત ધામ ખાતે જવું પડે છે. જયારે ત્યા પણ જગ્યા ન હોય તો સગાઓને અમદાવાદ સુધી લાંબા થવું પડે છે. સિવિલમાં ડેડબોડી રાખવાનો કિસ્સો મહિને બે મહિને બનતો હોય છે. ત્યારે નગરવાસીઓને સિવિલમાંથી સવલત ના મળતા રોષ ભભુકી ઉઠ્યો છે. શબઘરમાં સામાન્ય ઈલેકટ્રીક ફોલ્ટના કારણે આવી પરિસ્થિત સર્જાય તે કેટલા અંશે યોગ્ય ગણાય...?

ટીંટોડા ગામે ખેતરમાંથી દેશી દારૂનો વોશ ઝડપાયો

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર નજીકના ટીંટોડા ગામે પેથાપુર પોલીસે ખેતરમાં દરોડો પાડી દેશી દારૂનો ૩૦૦ લીટર વોશ ઝડપી પાડયો હતો. જયારે આરોપી બળદેવજી ઉર્ફે ટીનાજી ઠાકોર વોન્ટેડ થઈ ગયો. આ મામલે પેથાપુર પોલીસે પ્રોહીબીશન એકટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીકના ટીંટોડા ગામે ખુલ્લેઆમ ખેતરમાં દેશીદારૂ ગાળવામાં આવી રહ્યો હોવાની બાતમી પેથાપુર પોલીસને મળતા પોલીસે ટીમ સાથે ખેતરમાં દરોડો પાડયો હતો અને કુલ ૩૦૦ લીટર દેશી દારૂનો વૉશનો જથ્થો ઝડપી પાડયો હતો. જયારે આરોપી બળદેવજી ઉર્ફે ટીનાજી છનાજી ઠાકોર બનાવ સ્થળેથી ફરાર થઈ ગયો હતો આ મામલે પેથાપુર પોલીસે ગુનો નોંધી ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે. જેની તપાસ આદરજ મોટી ઓપીના જમાદાર ધર્મેન્દ્રસિંહ ચલાવી રહ્યા છે.

શહેરના યુવાનોમાં નહેરુ કોટીનો વધતો ક્રેઝ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સહિત મોટા મહાનગરોમાં સતત યુવાનોમાં શિયાળાની શરૂઆત થતા જ અવનવા રંગોવાળી નહેરુ કોટીનો ક્રેઝ વધી રહ્યો છે. શહેરના મોટા કપડાના શૉ રૂમથી લઈ ફૂટપાથ પર વેચાતા કપડા બજારમાં હાલ આ નહેરુ કોટીનું બજાર ગરમ છે. આથી સતત આ નહેરુ કોટીની માંગમાં પણ વધારો થઈ રહ્યો છે.

શિયાળાની શરૂઆત થતા જ ગરમ કપડાના બજારમાં તેજીનો માહોલ જોવા મળે છે. કેટલાક લોકો કડકડતી ઠંડીથી બચવા ગરમ ઉનના કપડા સ્વેટર,

જાકીટ, શાલ, ટોપી વગેરેની ખરીદી કરતા હોય છે ત્યારે છેલ્લા ઘણા સમયથી શિયાળામાં ઠંડીથી બચવા અને કંઈક સ્ટાઈલીશ દેખાય તેવા ગરમ કપડાંનું પણ ચલણ વધી રહ્યું છે. જેમાં હાલ સ્ટાઈલીશ લુકીંગમાં દેખાવા માટે યુવાનો, કોલેજીયનોમાં રંગબેરંગી અને સ્ટાઈલીશ નહેરુ કોટીનો ક્રેઝ વધી રહ્યો છે. ગાંધીનગર શહેરમાં મોટા મોટા શૉ રૂમથી માંડી તિબેટીયન બજાર અને ફૂટપાથ પર ઢગલા બજાર કપડાની ખરીદી માટે ધમધમી રહ્યા છે.

શહેરના યુવાનો પણ સતત નહેરુ કોટી ખરીદવામાં ઉત્સાહ દેખાડી રહ્યા છે. શહેરમાં ઠેર ઠેર રૂ. ૨૦૦થી માંડી ૧૫૦૦ સુધીની અવનવી વેરાયટી સાથે નહેરુ કોટીનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. બીજી તરફ લગ્ન પ્રસંગોમાં પણ મોટા પ્રમાણમાં યુવાનો નહેરુ કોટી પહેરી આવતા નજરે પડે છે. કપડા પહેરવાના શોખીન યુવાનો સ્ટાઈલીશ નહેરુ કોટીમાં સજ્જ થઈ મીટીંગો અને ફંકશનમાં પણ જોવા મળી રહ્યા છે. નેતાઓની ઓળખ સમી હાફસ્લીવની કોટી યુવા નેતાઓમાં પણ મનપસંદ પહેરવેશ બની રહી છે.

વાતવાતમાં

● સેકટર-૭ના મેઈન શોપીંગ સેન્ટરમાં આવેલ યુનિયન બેંકનું એટીએમ ઘણા સમયથી બંધ હાલતમાં છે. વાણિજય વિસ્તાર હોવા છતાં અહીં અન્ય બેંકનું કોઈ એટીએમ કેન્દ્ર ના હોવાથી શોપીંગ સેન્ટરના વેપારીઓ તથા મુલાકાતીઓને સે-૬ અથવા સે-૧૧ સુધી લાંબા થવું પડે છે.

● હાર્ડ ઘ-૨ થી ગ-૨ તરફના માર્ગે એક ગટર ચેમ્બરનું ઢાંકણું રોડના લેવલ કરતા વધુ પડતું ઉંચુ હોવાથી તેનું સમારકામ હાથ ધરાયું છે. જો કે હજુ પણ શહેરમાં અનેક જગ્યાએ ગટર ચેમ્બરના ઢાંકણા રોડને સમાંતર ના હોવાથી વાહન ચાલકોને ઘણી મુશ્કેલીઓ પડી રહી છે.

● સે-૧૩ પાસે ગ-૩ સર્કલ નજીકની ફૂટપાથ પર સિમેન્ટ પેવરીંગ બ્લોકસ તુટી જવા પામ્યા હતા. તંત્ર દ્વારા તાજેતરમાં જ તુટેલા બ્લોકસના સ્થાને નવા બેસાડી ફુટપાથને ફરી એકવાર ચાલવા યોગ્ય બનાવી દીધી છે.

● સે-૫માં મહાનગરપાલિકાએ પૂરજોશમાં સફાઈ અભિયાન હાથ ધર્યું છે તથા વૃક્ષોના ટ્રીમીંગનું કાર્ય પણ ચાલી રહ્યું છે. ચાલો નગરમાં કયાંક તો તંત્ર કાર્યરત છે તેવો અહેસાસ પણ ઘણો સુખદ છે.

● સિવિલ હોસ્પિટલમાં એક આઈએએસ સનદી અધિકારી આફ્રિકાના કોઈ દેશના પ્રવાસે જવાનું હોઈ 'યલો ફીવર'નું વેકસીન લેવા આવ્યા હતા. આફ્રિકાના લગભગ ૧૯ દેશોમાં વાઈરલ ઈન્ફેકશનનો ખતરો વધુ પડતો હોઈ ત્યાં જનારે ફરજીયાત 'યલો ફીવર'નું વેકસીન લેવું પડે છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

પાલજ ખાતે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ રવિવારે યોજાશે

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા પાલજ ખાતે ગ્રામોત્થાન આંદોલન અંતર્ગત ગ્રામ સ્વાસ્થ્ય કાર્યક્રમ તથા વિશ્વ કલ્યાણ અર્થે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરેલ છે. તા. ૫મી ડીસેમ્બરે રકતદાન શિબિર (ફકત કેન્સર પીડીત દર્દીઓ માટે) પેપ ટેસ્ટ, નેત્ર નિદાન કેમ્પ તથા ચશ્મા વિતરણ, લાયોનેસ કલબ ગાંધીનગરના ઉપક્રમે મેદસ્વિતા નિદાન (નિઃશુલ્ક) બી.એમ.આઈ., કેલ્શિયમ પ્રમાણ નિદાન કેમ્પ યોજાશે.

તા. ૬ઠ્ઠી ડીસેમ્બરના રોજ ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ સંપન્ન થશે તેમ ગાયત્રી પરીવાર ગાંધીનગર દ્વારા જણાવાયું છે.

ગાંધીનગરના આઠ યુવાનોની અનોખી સેવા પ્રવૃત્તિ

જિલ્લાની ગણપતપુરા પ્રાથમિક શાળાના બાળકોને સ્ટેશનરી કીટનું વિતરણ કર્યું : બાળકો સાથે દિવસ વિતાવી વ્યસન મુકિત, સરિસૃપ-વન્યજીવો અંગે જાગૃતિ, જીવનમાં સારા સંસ્કાર અને સેવાના ગુણ ખિલવવા પ્રેરિત કર્યા

ગાંધીનગર, તા.૪

સમાજમાં હજુ પણ ઘણો વર્ગ એવો છે જેના બાળકો મામુલી સવલતોના અભાવે શિક્ષણમાં પાછા રહી જાય છે. આ કારણે માત્ર આ બાળકોનું ભવિષ્ય અંધકારમય નથી બનતું પરંતુ સમગ્ર રાષ્ટ્ર નબળું પડે છે. અપૂરતા શિક્ષણના કારણે અનેક બાળકો વિવિધ બદીઓ જેવી કે નશાખોરી, ગુનાહિત પ્રવૃત્તિઓ તથા અન્ય સામાજિક દૂષણોના શિકાર બને છે જેની સજા સમગ્ર સમાજને ભોગવવી પડે છે. સમાજનું પ્રત્યેક બળ યોગ્ય શિક્ષા અને સંસ્કાર પામે તે જોવાની ફરજ પણ સમાજના સભ્યોની જ છે. ગાંધીનગરના કેટલાક યુવા મિત્રોએ આવી જ સામાજિક જવાબદારીથી પ્રેરિત થઈ તેમનાથી શકય હોય તેટલી સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરી જરૂરિયાતમંદ પરિવારોના બાળકોને મદદરૂપ થવા પ્રયત્ન હાથ ધર્યો છે. તેમનો આ પ્રયત્ન અત્યારે ભલે નાનો લાગતો હોય પરંતુ રાષ્ટ્રના ભવિષ્ય નિર્માણમાં ખુબ મહત્વનો સાબિત થઈ શકે છે.

ગાંધીનગરના આઠ યુવાનો દ્વારા તા.૪થી ડીસેમ્બર ગુરુવારના રોજ જિલ્લાના અંતરિયાળ વિસ્તારના ગણપતપુરા ગામની શાળામાં જરૂરિયાતમંદ પરિવારોના બાળકો માટે એક દિવસનો સેવા યજ્ઞ હાથ ધરવામાં આવ્યો હતો. આ સેવા યજ્ઞમાં યુવાનો દ્વારા શૈક્ષણિક કાર્યમાં ઉપયોગી થાય તેવી સ્ટેશનરી કીટનું વિતરણ કરાયું હતું તથા બાળકોને ઉત્તમ સંસ્કાર મળે તેવી વાર્તાઓ સહિતનું વ્યાખ્યાન, સરિસૃપ-વન્ય જીવો અંગે માહિતી, વ્યસન મુકિત જાગૃતિ વગેરે જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. આ કાર્યમાં ગાંધીનગરના પ્રદિપસિંહ વાઘેલા, સચિવ ઠકકર, વ્યોમ અમીન, રાકેશ ચૌહાણ, હુસેન પટેલ, જીગરસિંહ બિહોલા, મહેન્દ્ર સોનારા તથા વિજયસિંહ માજીરાણાનો સમાવેશ થાય છે.

ગણપતપુરા પ્રાથમિક શાળાના બાળકોને પ્રદિપસિંહ વાઘેલાએ માતા પિતા ગુરુ તથા અતિથીનું મહત્વ સમજાવ્યું હતું. સમાજને કલ્પવૃક્ષ ગણાવતા તેમને વીંછી-બગલાની વાર્તા દ્વારા બાળકોને પોતાના સ્વભાવમાં સેવા અને સદગુણો ખિલવવા પ્રેર્યા હતા. હુસેન પટેલે વિદ્યાર્થીઓને સાપ તથા અન્ય વન્ય જીવો અંગે તલસ્પર્શી માહિતી આપી હતી તો સચિન ઠકકરે વ્યસન મુકિતના મહત્વ અંગે વિશેષ જાણકારી પ્રદાન કરી હતી. વ્યોમ અમીન, રાકેશ ચૌહાષ મહેન્દ્ર, સોનારા તથા જીગરસિંહ વગેર યુવાનોએ શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતું. વિજયસિંહ માજીરાણાએ બાળકોને 'સેવાકીય પ્રવૃત્તિ'ને જીવનમાં સ્થાન આપવા પ્રેરક સમજુતિ આપી હતી. આ યુવાનોએ બાળકોને કુલ ૫૦ સ્ટેશનરી કીટનું વિતરણ કર્યું હતું. કાર્યક્રમના અંતમાં ગણપતપુરા પ્રા. શાળાના આચાર્ય ધર્મેશભાઈ રાવલ, કર્મચારી ગણ તથા ગ્રામજનોએ યુવાનોનો આભાર માન્યો હતો.

૨૩મી ડિસેમ્બરે અન્નપૂર્ણા માતાજીના પદયાત્રા સંઘનું પ્રસ્થાન કરાશે

ગાંધીનગર, તા.૪

અન્નપૂર્ણા માતાજી પદયાત્રા સંઘ દ્વારા આગામી તા. ૨૩ ડિસેમ્બરના

રોજ સવારે ૬.૦૦ કલાકે પ્લોટ નં. ૫૬૦/૩ આગનફલેટ લગ્નવાડી સામે, સે-૨૩ ખાતેથી પદયાત્રા સંઘનું પ્રસ્થાન કરવામાં આવશે. આ પદયાત્રામાં જોડાવા ઈચ્છતા પદયાત્રીઓએ પોતાના નામ તા. ૧૨ ડિસેમ્બર સુધીમાં દિપક જાની, દિનેશભાઈ ત્રિવેદી, ઋષિભાઈ જાની, જીજ્ઞેશ જાનીનો સંપર્ક કરી નોંધાવવાના રહેશે. છેલ્લા ૩૦ વર્ષથી અન્નપૂર્ણા માતાજી પદયાત્રા સંઘ દ્વારા પદયાત્રાનું આયોજન કરાય છે. નગરના તમામ ભાવિક ભકતોને પદયાત્રામાં જોડાઈ ભાગ લેવા સંઘ દ્વારા જણાવવામાં આવ્યું છે.

(તસવીર : દિપક જાની)

ચિરવિદાય

- સ્વ. ચંપાબેન અરવિંદભાઈ ભટ્ટ, ઉ.વ. ૮૬
- સ્વ. પશીબેન સોમાભાઈ પટેલ, ઉ.વ. ૮૦
- સ્વ. ઠાકોર લક્ષ્મીબેન પરબતજી, ઉ.વ. ૨૭
- સ્વ. ચંદુજી મેરાજી ઠાકોર, ઉ.વ.૭૯
- સ્વ. મણીબેન કરશનભાઈ પરમાર, ઉ.વ.૭૩
- સ્વ. ચૌધરી નંદાબેન કેશાભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. રમણભાઈ જીવાભાઈ પટેલ, ઉ.વ. ૫૮